# આજથી સચિવાલયમાં સૌર ઊર્જા સંચાલિત વાહન વ્યવહાર સેવા

## ૪ વાહનોનું ઊર્જામંત્રી દ્વારા લોકાર્પણ કરાશે

ગાંધીનગર, તા. ૬

સૌર નગરી બનવા માટે થનગની રહેલ પાટનગર ગાંધીનગરના સૌથી મોટા વહીવટીય સંકુલ સરદાર પટેલ સચિવાલય સંકુલમાં આંતરિક પરિવહન માટે આજથી સૌર ઊર્જા આધારિત વાહન વ્યવસ્થાનો



આરંભ થશે.

રાજ્યના ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલ આ વાહન-વ્યવસ્થાનું આજે સરદાર પટેલ સંકુલમાં લોકાર્પણ કરશે. સવારે ૧૧ વાગે થનાર આ લોકાર્પણ એ રાજ્યમાં પ્રથમ સૌર ઊર્જા આધારિત વાહન વ્યવસ્થા છે.

સચિવાલય સંકુલમાં આ માટે બે ખાસ રિચાર્જીંગ માટેના સ્ટેશન પણ ઉભા કરવામાં આવ્યા છે. ૧૦ જેટલા મુસાફરોને એક વાહનમાં બેસાડી શકાશે. આ આંતરિક વાહન-વ્યવસ્થા માટે ૪ થી વધુ વાહનો હાલના તબક્કે વસાવવામાં આવ્યા છે.

સચિવાલયના ગેટ નં. ૧ અને ગેટ નં. ૧૨ પરથી આનુ સંચાલન હાલ કરવામાં આવનાર છે.

આવનારા મુલાકાતીઓને સચિવાલયના બ્લોક સુધી પહોંચવામાં તકલીફ ના પડે તે માટે આ ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડ દ્વારા આ આંતરિક વાહન વ્યવસ્થાનું સંચાલન થવાનું છે. આ માટે સચિવાલય સંકુલમાં ખાસ બસ સ્ટેન્ડો પણ બનાવવામાં આવ્યા છે.

સચિવાલયની આંતરિક બસ વ્યવસ્થા એ સૌર ઊર્જા સંચાલિત વાહન-વ્યવહારનો પાયલોટ પ્રોજેક્ટ હોવાનું પણ ઊર્જા વિભાગના સૂત્રોએ જણાવ્યું છે. આને કારણે પેટ્રોલની બચત અને મુલાકાતીઓના સમયની પણ બચત થશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યું છે.



ગાંધીનગરનું ગૌરવ - ગાંધીનગરની કડી કેમ્પસ સ્થિત એમ. બી. પટેલ ઈંગ્લીશ મિડિયમ સ્કૂલના શિક્ષિકા શ્રીમતી વર્ષાબેન પારેખને પમીએ શિક્ષક દિને રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીના વરદ હસ્તે શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ એનાયત કરાયો તે પ્રસંગની તસવીરે ગાંધીનગર શહેરનું અને કડી કેમ્પસનું ગૌરવ વધાર્યું છે... આ પ્રસંગે કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાની પણ ઉપસ્થિત રહ્યા હતા. વર્ષાબેન પારેખ આદર્શ શિક્ષિકા ઉપરાંત આદર્શ વક્તા પણ છે... તેમના સંબંધિત વિષયમાં બાળકોને શ્રેષ્ઠ રીતે શિક્ષિત કરવાનું કૌશલ્ય અને સમજણ કેળવવાની શક્તિ પણ પ્રસંશનીય રહી છે...કડી કેમ્પસમાં અગાઉ આચાર્ય શ્રી બચુભાઈ પટેલ અને ઉચ્ચત્તર શ્રેણીના શિક્ષક નટુભાઈ લાડાણીને રાજ્યકક્ષાના શ્રેષ્ઠ શિક્ષકના એવોર્ડ પ્રાપ્ત થયા છે... એક જ વર્ષમાં ત્રણ-ત્રણ શિક્ષકોને શ્રેષ્ઠતાના એવોર્ડ પ્રાપ્ત થતાં કડી કેમ્પસ નગરનું ગૌરવશાળી શિક્ષણ તીર્થ બન્યું છે

# શિક્ષકની નિષ્પક્ષતા શિક્ષણને વધુ પવિત્ર બનાવે છે : રવિશંકર

ગાંધીનગર, તા. ૬

શિક્ષણ પ્રત્યેની નિષ્ઠા, ભાવના, સમર્પણ એ શિક્ષકને નિષ્પક્ષ બનાવે છે તેમજ શિક્ષણ પણ પવિત્ર બને છે તેમ જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકોના પારિતોષિક વિતરણ સમારોહમાં બોલતાં જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે શિક્ષક એ સ્વાભિમાની હોય છે અને તેના

## જિલ્લાના ૧૩૫ વિદ્યાસહાયકોને ફુલ પગારમાં સમાવાયા છે : હીનાબેન પટેલ

જ શિક્ષણ કાર્યમાં મગ્ન હોય છે. તે સમાજના નિર્માણની સાથે મા શારદાના પૂજનમાં લીન હોવાથી નિષ્પક્ષ હોય છે. તે સમ્રાટને પણ સત્યવચનો કહી શકે છે.

જિલ્લા કલેક્ટરશ્રીએ તેમના શિક્ષકો સાથેના સંબંધો અને તેમની શિક્ષણ પ્રત્યેની સમર્પણની ભાવનાના પ્રસંગોનું વર્ણન કરી ચાણક્યએ કરેલા કેટલાક વિધાનોને ટાંક્યા હતા.

શ્રેષ્ઠ શિક્ષક પસંદગી સમિતિના અધ્યક્ષ જિલ્લા વિકાસ અધિકારીશ્રી કૌશિક ભીમજીયાણીએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં તેના કેટલાક નિયમોમાં





ફેરફાર કરવા માટે સરકારમાં દરખાસ્ત કરવાનું સૂચન કરતાં જણાવ્યું હતું કે શિક્ષકનું મૂલ્યાંકન વાલી સમિતિ અને વિદ્યાર્થીઓ પાસેથી પણ મેળવી શકાય જે તટસ્થતા વધુ આપી શકે.

આ પ્રસંગે ગુડાના ચેરમેન શ્રી આશિષ દવેએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શિક્ષક તરીકેના પોતાના કાર્યકાળને યાદ કરી સરકારી શાળાઓ આજે ખાનગી શાળાઓ સાથેની સ્પર્ધા માટે સજ્જ હોવાનું જણાવ્યું હતું. તેમણે જણાવ્યુ કે શિક્ષણના સાર્વત્રિકરણનો વ્યાપ વધ્યો છે. ત્યારે શિક્ષકની જવાબદારી અનેકગણી વધી જવા પામી છે. તકનીકી સાથે તાલ મિલાવી શિક્ષકો શિક્ષણ આપે તે સમયની માંગ હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

સમારંભના પ્રમુખ સ્થાનેથી બોલતાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલે જણાવ્યું હતું કે રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી પણ શિક્ષિકા હતા તેમના શિક્ષક હતા. તેમણે જિલ્લાકક્ષાએ શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરવાના અભિગમની રૂપરેખા આપી શિક્ષકોના સામાજિક પ્રદાન પર ભાર મુક્યો હતો.

શ્રીમતિ હીના પટેલે જાહેરાત કરી હતી કે જિલ્લાના ૧૩૫ જેટલા વિદ્યાસહાયકોને આજથી ફુલ

● અનુસંધાન પાન-૭ પર

# સચિવાલયમાં ૬ અધિક સચિવ નિમાયા

## ૧૬ નાયબ સચિવને સંયુક્ત સચિવ તરીકે બઢતી અપાઈ

ગાંધીનગર, તા. ૬

રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે ૬ સંયુક્ત સચિવ તરીકે ફરજો બજાવતા શ્રી કીરીટ અધ્વર્યુ, શ્રી ચેતન શુકલ, શ્રી મુકેશ શુકલ, શ્રી એન.પી. લવીંગીયા, શ્રી વિરેન્દ્રભાઈ પંડ્યા અને શ્રી અનિલ કે. પટેલ અધિક સચિવ તરીકે બઢતી આપી છે.

શ્રી મુકેશ શુક્લને બઢતી સાથે બદલી આપીને યાત્રાધામ બોર્ડમાં અને યાત્રાધામ બોર્ડના શ્રી અનિલ પટેલને સામાજિક ન્યાય અધિકારીતા વિભાગમાં નિમણુંક આપવામાં આવી છે.

સામાન્ય વહીવટ વિભાગે અન્ય એક હૂકમમાં ૧૬ જેટલા નાયબ સચિવોને પણ સંયુક્ત સચિવ તરીકે બઢતી આપી તેમની હાલની જગ્યાને અપગ્રેડ કરી છે.

નાયબ સચિવ તરીકે ફરજો બજાવતા શ્રી એ.જી. ચૌધરી, શ્રી સી.એલ. રાજપાલ, શ્રી એ.બી. ઝીંઝાલા, શ્રી એમ.જે. મોદી, શ્રી એમ.એચ. જાડેજા, શ્રી બી.જે. બ્રહ્મભટ્ટ, શ્રી જે.ડી. દવે, શ્રી વનરાજસિંહ વણઝારા, શ્રી ડી.જી. સોની, શ્રી સી.જે. મેકવાન, શ્રીમતિ દેવી વી. પંડ્યા, શ્રી કે.એચ. પંડ્યા, શ્રી કે.એસ. પટેલ, શ્રી એમ. જે. પટેલ, શ્રી ટી.પી. મહેતા અને શ્રી પી. એલ. ઝાલાને સંયુક્ત સચિવપદે બઢતી આપવામાં આવી છે.

સચિવાલય સંવર્ગમાં ૧૭ સંયુક્ત સચિવ બન્યાની ઘટનાની સાથે સાથે ૬ અધિક સચિવ બનવાની ઘટના પણ ઘણા સમય બાદ બનતાં કર્મચારીઓમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે. આગામી દિવસોમાં સચિવાલયમાં હજુ પણ બદલીઓનો એક દોર આવશે તેમ કર્મચારી વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

# શહેરમાં આકરા તડકાથી અસહ્ય બનતી ગરમી

## વરસાદ અને વાદળોના અભાવે સતત વધતી ગરમી : મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રીએ

ગાંધીનગર, તા. ૬

છેલ્લા એક મહિનાથી વધુ સમયથી ગાયબ થઈ ગયેલા વરસાદના કારણે અને વાદળોના અભાવે ગરમીનું પ્રમાણ ખુબ વધી ગયું છે. હજુ તો ભાદરવો મહિનો બેઠો નથી ત્યાં જ આકરો તડકો પડવા માંડતા વસાહતીઓ ભારે ગરમીથી હેરાન પરેશાન થઈ રહ્યા છે.

આ વર્ષે અલનીનોની અસરના કારણે ગુજરાત સહિત સમગ્ર ભારતમાં વરસાદ ખુબ ઓછો પડ્યો છે. ગાંધીનગરમા સમગ્ર ચોમાસા દરમ્યાન માત્ર બે વખત સારો કહી શકાય તેવો વરસાદ પડ્યો હતો. છેલ્લા એક મહિનાથી વધુ સમયથી તો જાણે વરસાદનું ક્યાંય નામોનિશાન જોવા મળ્યું નથી. જેના કારણે વાતાવરણમાં ઠંડક થઈ નથી. વળી છેલ્લા કેટલાય દિવસોથી તો આકાશમાં વાદળોનું નામોનિશાન પણ જોવા મળ્યુ નથી. જેના પરિણામે ગરમી વધતી જાય છે. હજુ ભાદરવો બેઠો નથી તેમ છતાં આકરો તડકો અનુભવાય છે. દિવસ દરમ્યાન ઘરની બહાર નીકળો તો તડકો ખુબ અકળાવનારો લાગે છે. તડકાના કારણે વસાહતીઓ દિવસ દરમ્યાન ઘરની બહાર નીકળવાનુ ટાળે છે. પવનની ગતિ પણ એકદમ મંદ રહેતા ગરમીનો અનુભવ વધુ થાય છે. આજે મહત્તમ તાપમાન ૩૪.૦ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૬.૫ ડિ.સે. નોંધાયું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૭૭ ટકા અને સાંજે ૫૫ ટકા રહ્યું હતું.













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com